# જામનગર બાયપાસ નજીકથી ખનીજ ચોરી અન્વયે રૂ. ૧.૫૦ કરોડના પાંચ વાહનો સિઝ કરાયા





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં છેલ્લા બે દિવસમાં ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી જામનગર બાયપાસ પરથી સાદી રેતી અને બ્લેકસ્ટ્રીપ ખનીજના રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર વહન કરતા કુલ પાંચ ડમ્પરો ખાણ ખનીજ વિભાગના સ્ટાફ દ્વારા પકડી પાડવામાં આવ્યા છે, અને નજીકના સ્ટોન ક્રસર ખાતે કસ્ટડી સોંપેલ છે.

જામનગર શહેર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી ભૂસ્તરશાસ્ત્રી કચેરી દ્વારા ખનીજ ચોરો ઉપર તવાઈ બોલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત છેલ્લા બે દિવસમાં જ સાદી રેતી અને બ્લેકસ્ટ્રીપનું ગેરકાયદે વાહન કરી જઈ રહેલા વધુ પાંચ વાહનોને કબજે લેવામાં આવ્યા છે.

જેમાં વાહન નંબર- જીજે -૧૦ - ટી એક્સ -૫૬૨૯ વાહન માલીક - જય કન્સ્ટ્રક્શન - ખનિજ માં બ્લેકટ્રેપ , જીજે - ૧૦- ટીવાય ૭૦૩૦ (વાહન માલીક-ગૌરવભાઈ સુરેશભાઈ પુનાતર , ખનિજ- સિલીકા સેન્ડ ) , જીજે- ૦૯ ઝેડ - ૨૬૩૫ (વાહન માલીક- કલ્પેશભાઈ દયાલાલ કટેશીયા ,ખનિજ - સાદી રેતી), જી જે - ૧૦ ટીવાય -૨૩૭૫ ( વાહન માલીક- પ્રકાશભાઈ અઘારીયા,ખનિજ - સાદી રેતી) અને જી જે - ૧૦- ટી વાય-૫૩૭૨ (વાહન માલીક- પ્રકાશભાઈ અઘારીયા ,ખનિજ - સાદી રેતી) નો સમાવેશ થાય છે. જેની કુલ કિંમત આશરે દોઢ કરોડ છે. આ કામગીરી સ્ટાફના નિખિલભાઈ, રમેશભાઈ, આનંદભાઈ, ભાવેશભાઈ, નૈતિક ભાઈ, રજનીકાંતભાઈ વગેરેએ કરી હતી.

# જામનગરમાં સિંધુ સભા દ્વારા "સંસ્કાર એજ સાચું ઘરેણું" કાર્યક્રમનું આવતીકાલે આયોજન

જામનગર : ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય સિંધી ભાષા વિકાસ પરિષદના સહયોગથી, ભારતીય સિંધી સભા-જામનગર દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. "સંસ્કાર એ જ અમૂલ્ય ઘરેણું (સંસ્કારોની સમજ એટલે જ ઉછેર)" આ કાર્યક્રમ આગામી તારીખ ૦૪/૦૧/૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૬:૦૦ થી ૯:૦૦ કલાક દરમિયાન જામનગરના ટાઉન હોલ ખાતે યોજાશે. નવી પેઢીમાં નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સિંચન કરવાના ઉમદા હેતુથી આ સાસ્કૃતિક અને સામાજીક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.



આ ગરિમામય કાર્યક્રમનું Wjkx™ NCPSL (નવી દિલ્હી) ના અધ્યક્ષ ઝછ શ્રી તુલસીભાઈ ટેકવાણીજીના હસ્તે કરવામાં આવશે, જ્યારે મુખ્ય અતિથિ તરીકે ભારતીય સિંધુ સભાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રીમતી ડૉ.માયાબેન કોડનાણી, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી શ્રી પરમાનંદભાઈ ખટ્ટર, ભારતીય સિંધુ સભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મુકેશભાઈ લખવાણી અને મહિલા સંગઠનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નલિનીબેન પોપટાણી ઉપરાંત ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડો. દિલીપભાઈ પબરેજા અને મહિલા પ્રાંત અધ્યક્ષ અનિતાબેન ચાંગરાણી તેમજ જામનગર સિંધી સમાજનું મહાનગર પાલિકામાં પ્રતિનિધિત્વ કરતા નગરસેવિકા બબીતાબેન લાલવાણી, લીલાબેન ભદ્રા તેમજ શિક્ષણ સમિતિના ચેરમેન પરસોતમભાઈ કકનાણીની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભારતીય સિંધુ સભા જામનગરના હોદ્દેદારો ધનરાજ મંગવાણી(પ્રાંત માર્ગદર્શક), ઘનશ્યામદાસ ગંગવાણી (અધ્યક્ષ મુખ્ય સંગઠન), અને મોતીભાઈ માખીજા (સેક્રેટરી) સહિત યુવા અને મહિલા સંગઠનની ટીમો કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી છે. કાર્યક્રમના સમાપન બાદ તમામ ઉપસ્થિત મહેમાનો અને સમાજના ભાઈ-બહેનો માટે સામૂહિક ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી છે. આ તકે જામનગર સિંધી સમાજના તમામ ભાઈ-બહેનોને આ કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામ્યુકો દ્વારા ઠંડી દરમિયાન ઘર વિહોણાઓને સેલ્ટર હોમમાં પહોંચી જવા અનુરોધ

જામનગર : જામનગરમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ફૂટપાથ ઉપર અથવા જાહેરમાં રાતવાસો કરતા ગરીબ લોકોને શેલ્ટર હોમમાં મોકલવા મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીની સુચના અનુસાર તથા નાયબ કમિશ્નર ડી.એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ ઠંડીની સીઝનને ધ્યાને લઈને જામનગર શહેરના જુદા જુદા સ્થળો જેવા કે, ભીડભંજન મંદિર, ટાઉનહોલ સર્કલ, તળાવ ની પાળ, બાલા હનુમાન, ડી. કે. વી. સર્કલ વગેરે વિસ્તારો માં ઠંડી ની સીઝનમાં રાત્રે ફૂટપાથ ઉપર રાતવાસો કરતા ઘરવિહોણા લોકોને સમજાવીને જામનગર મહાનગરપાલિકા સંચાલિત બેડી તથા હાપા શેલ્ટર હોમમાં શિફ્ટ કરવા માટેની સઘન નાઈટ ડ્રાઈવ ઝુંબેશ એસ્ટેટ શાખા, સિક્યુરીટી શાખા તથા યુ.સી. ડી. શાખાની સંયુક્ત ટીમ દ્વારા ચાલુ કરવામાં આવી છે.આથી જામનગર શહેરની જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, આ ઠંડીની સીઝનમાં જો કોઈ ફૂટપાથ ઉપર કે મંદિર પરિસર બહાર ખુલ્લામાં રાતવાસો કરતા ઘર વિહોણા લોકો જોવા મળે તો તેમને શેલ્ટર હોમમાં મોકલી આપી માનવતાના કાર્યમાં સહયોગ આપવો. જામનગરમાં બેડી શેલ્ટર હોમ, રેલ્વે ઓવરબ્રીજની નીચે, બેડી, જામનગર (સપર્ક વ્યક્તિનું નામ મનીષ પરમાર મો.નં. ૮૬૮૬૧૬૧૫૧૦), અથવા હાપા શેલ્ટર હોમ, ઈસ્કોન મંદિર સામે, જામનગર - રાજકોટ હાઈ વે,હાપા, જામનગર ( સંપર્ક વ્યક્તિનું નામ : પાર્થ પીઠડિયા મો.નં. ૮૭૫૮૬૫૮૧૧૫) માં ઘર વિહોણા લોકોને મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં લાંચની માંગણી કરનાર બેંક અધિકારીના આગોતરા જામીન નામંજુર

જામનગર : જામનગર રણજીત રોડ શાખા પંજાબ નેશનલ બેંક એક આસામી એ પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લીધેલ લોનની સબસીડી મંજુર કરવાના અવેજ પેટે પંજાબ નેશનલ બેંકના અધિકારી સંજય રાજકુમાર મોનાએ પોતાના તથા મનહરપ્રસાદ ગણેશ પ્રસાદ રોય વતી રૂા. ૪૦ હજાર ની લાંચનું રકમની માંગ કરી હતી. અને લાંચની રકમ માટે બેંકના અધિકારી મનોહરપ્રસાદ ગણેશપ્રસાદ રોયએ જણાવેલ કે ગિરીશ તમને મળશે તેમ જણાવેલ અને ખંભાળિયા નાકા પાસેની હોટલ નજીક લાંચની રકમ લેવા આવેલા ગિરીશભાઈ અશોકભાઈ ગોજિયાને શક વહેમ જતા કરોયદો પાસેથી લાંચની રકમ સ્વીકાર્ય વગર જતા રહેલ જેથી લાંચનું છટકું નિષ્ફળ જતા જામનગર લાંચ રૂશ્વત વિરોધી કચેરી કચેરીના ઈ-ચાર્જ પોલીસ ઈન્સ.આર.એન. વિરાણી દ્વારા બંને બેંક અધિકારી અને પ્રજાજન સામે રૂ.૪૦ હજારની લાંચ માંગવા અંગે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પંજાબ નેશનલ બેંકના અધિકારી સંજય રાજકુમાર મીના તથા મનોહરપ્રસાદ ગણેશપ્રસાદ રોય દવારા જામનગરની સેસન્સ અદાલતમાં આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજી કરવામાં આવી હતી. જેમાં એડી.સેશન્સ જજ વી.પી. ચગ્રવાલ દ્વારા સરકારી વકીલ હેમેન્દ્ર .ડી. મહેતાની વિસ્તૃત દલીલાં ધ્યાને લઈ બેંક અધિકારીની આગોતરા જામીન અરજી નામંજુર કરેલ છે. આ કેસમા સરકાર તરકે એડીશનલ પબ્લીક પ્રોશોકયુટર હેમેન્દ્ર ડી. મહેતા રોકાયા હતા.

# સચાણામાં હત્યા પ્રકરણમાં સંડોવાયેલા સાત આરોપી ઝડપાયા, કોર્ટમાં રજૂ કરાશે

જામનગર : જામનગરના સચાણામાં ગત તા.૩૧ ના રોજ રૂપિયાની લેતીદેતી મામલે ખૂની ખેલ ખેલાયો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા ઈસ્માઈલભાઈ આધેડે સારવારમાં દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. આધેડની હત્યા મામલે ૧૪ સામે ફરિયાદ નોંધાયા બાદ પંચકોષી એ ડિવિઝન પોલીસે ૭ આરોપીઓને પકડી પાડ્યા છે.



તસવીર: સુનિલ ચુડાસમા

પોલીસે આરોપી જાફર ઉમર બુચળ, ઈમરાન ઉમર બુચળ, અફઝલ ઉમર,જાકીર હુશેન જૂમાઅલી જામ, શબીર અસગર બુચળ, જીલાની અસગર બુચળ, જાવેદ જુમાઅલી જામની અટકાયત કરી તેને આજે તા. ૩ ના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

જયારે અન્ય આરોપીઓની હાલ સ્થાનિક પોલીસ અને એલસીબીની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરાઈ છે.

# જામનગર જિલ્લાની ગૌશાળા-પાંજરાપોળ માટે સહાય મેળવવા અરજી પ્રક્રિયા શરૂ

જામનગર : રાજ્ય સરકાર દ્વારા ગૌવંશના જતન અને સંવર્ધન માટે અમલી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સહાય મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જામનગર જિલ્લાની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને ઓક્ટોબર-૨૦૨૫ થી ડિસેમ્બર-૨૦૨૫ ના ત્રિમાસિક ગાળાની સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ-૨.૦ પર ઓનલાઈન અરજી કરવા જણાવાયું છે.

આ યોજના હેઠળ ગાય અને ભેંસ વર્ગના પશુઓના નિભાવ માટે સહાય આપવામાં આવે છે. લાયકાત ધરાવતી સંસ્થાઓએ તારીખ ૦૧/૦૧/૨૦૨૬ થી ૧૫/૦૧/૨૦૨૬ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ પર અચૂક અરજી કરવાની રહેશે. યોજનાના ઠરાવ, શરતો અને અન્ય વિગતો ગૌસેવા આયોગની સત્તાવાર વેબસાઈટ (ર઼઼://ક્ષ્ટ્રેજીદ્દક્ર.ક્ષ્ઙ્ક્રક્રિં.ર્ક્ષ્દૃ.હ) પર ઉપલબ્ધ છે.

અરજી પ્રક્રિયા અંગે સૂચના આપતા જામનગર જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામકએ જણાવ્યું છે કે, લાભાર્થી સંસ્થાઓએ પોર્ટલ પર લોગઈન કરી અરજી નોંધ્યા બાદ તેને ફરજિયાતપણે 'સબમિટ' કરવાની રહેશે. માત્ર ડ્રાફ્ટ કે પેન્ડિંગ રાખેલી અરજીઓ માન્ય ગણાશે નહીં. ઓનલાઈન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ મેળવી, જરૂરી તમામ સાધનિક કાગળો બિડાણ કરી ૨૧ દિવસની અંદર નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયતની કચેરી ખાતે જમા કરાવવાની રહેશે.

ખાસ નોંધ લેવી કે, જો નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવામાં નહીં આવે અથવા અરજી કર્યા બાદ દિન-૨૧માં જરૂરી દસ્તાવેજો કચેરીએ રજૂ નહીં કરવામાં આવે, તો તેવા કિસ્સામાં સંસ્થા સહાય મેળવવા પાત્ર રહેશે નહીં અને અરજી રદ ગણવામાં આવશે. જિલ્લાની તમામ પાત્રતા ધરાવતી ગૌશાળાઓ અને પાંજરાપોળને આ સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં મકાન માલિકની તરફેણમાં અદાલતનો મહત્વનો ચુકાદો

## ભાડાવાળી જગ્યા નોન યુઝમાં રહે, કે બીજી વૈકલ્પીક જગ્યા મળી ગઈ હોય તો ભાડુઆતે જગ્યાનો કબ્જો મકાન માલીકને પરત સોંપવો પડે

જામનગર : જામનગરમાં જમનાદાસ રામજીના નામથી ચાલતી પેઢીએ જામનગરનાં તાહેરાબાનું પાસેથી માસીક રૂા.૮૫૦થી જગ્યા ભાડે રાખેલ હતી. વાદીની માલીકી જગ્યા બેડીબંદર પર દિપ ભવન પાસે આવેલ મેપાણી મેશન વાળી અંદાજે ૧૧૦૦ ચો.ફુટ જગ્યા ધંધો કરવાનાં હેતું માટેથી ભાડેથી રાખી હતી, પરંતુ ભાડુતે બેડીબંદર રોડ પર આવેલ. માઈલસ્ટોન નામથી આવેલ જગ્યામાં ભાડાવાળી જગ્યાથી બેગણી કરતા વધુ મોટી જગ્યા કુલ સ્વતંત્ર માલીકીથી ખરીદ કરી છે.

જે અદ્યતન ધંધો કરવાની જગ્યા ખરીદ કરતાં ભાડાવાળી જગ્યા તદન બંધ હાલતમાં કોઈ પણ જાતનાં વ્યાજબી કારણ વિના સદતંર છ મહિના કરતા વધુ સમયથી બંધ રાખતા મકાન માલીકે વકિલ. વી.પી.વરીયા અને હિતેન ઈ.ભટ્ટ મારફત જામનગરની અદાલતમાં ભાડાવાળી જગ્યા પરત લેવા કબજાનો દાવો દાખલ કર્યો હતો.

જેમાં તમામ પુરા વિજ જોડાણનો વપરાશ બંધ હતો, તેમજ જે.એમ.સી.નાં શોપ એસ્ટાબ્લીસમેન્ટ (ગુમાસ્તા ધારાનું) નું લાયસન્સ પણ રીન્યુ થયેલ નહી. પ્રતિવાદીએ પોતાનાં ધંધા માટે નવી ઓફીસ-ધંધા માટે ભાડાવાળી જગ્યા કરતા વધુ જગ્યા ખરીદ કરેલ હોવાનાં સબ-રજીસ્ટ્રાર કચેરીનાં જરૂરી દસ્તાવેજો મેળવી તેમજ જામનગર મહાનગર પાલીકાનાં ટેકસ ઓફીસરની જુબાની પી.જી.વી.સી.એલનાં અધિકારીની જુબાની વિગેરે મેળવી રજુ કરવામાં આવ્યા હતા.

જ્યારે ભાડુતનો એવો બચાવ હતો કે ધંધાનો વિકાસ થતા નવી ઓફીસ બનાવેલ છે, પરંતુ ભાડાવાળી જગ્યામાં ધંધો ચાલુ જ છે. દિવાની દાવાઓમાં સાબીતીનો બોજો એક વખત મકાન માલીક ભાડાવાળી જગ્યા સતત છ માસ બંધ હતી. તેટલું સાબીત કરે કે વધુ સુવિધા વાળી જગ્યા કરતા વધુ મોટી અને સારી સુવિધા વાળી જગયા ખરીદ કરેલ હોવાનું મકાન માલીક સાબીત કરી લ્યે તો પછીનો પુરાવાનો બોજો ભાડુત પર જાય. ભાડુત ધંધાવાળી જગ્યાનો વપરાશ ચાલુ હોવાનું સાબિત ન કરી શકયા નહતા, અને અદાલતે ભાડાવાળી જગ્યા મકાન માલીકને પરત સોંપી દેવાનો ભાડુતની વિરૂધ્ધમાં હુકમ અને હુકમનામું વાદી મકાન માલીકની તરફેણમાં કરી આપ્યુ હતું. જામનગર શહેર ભાડાવાળી જગ્યાઓ મળવી હાડમારી છે, તેમજ નોન યુઝ રહેલી જગ્યા અંગે ભાડુતને રક્ષણ મળી શકે નહી, ભાડુતનાં રક્ષણ માટેનો કાયદો છે પરંતુ તે છતાં તે કાયદામાં દર્શાવેલ જોગવાઈની શરતોનો ભંગ કરે કે તેનાથી વિરૂધ્ધ વર્તન કરેતો જગ્યા ખાલી કરવી પડે મકાન માલીકો માટે આશાસ્પદ જજમેન્ટ આવતા આનંદની લાગણી થઈ છે. આ કેસમાં વાદી મકાન-માલીક અઝીઝ મુશાભાઈ (પેસીડન્ટ હોટલવાળા)નાં વતી વિ.પી.વારીયા, તથા અધિવકતા હિતેન ભટ્ટ, અને હેમાંશુ સોલંકી રોકાયેલ હતા.

# જામનગરના લીમડાલેનમાં ધોળે દહાડે બાઈકની ચોરી કરતો તસ્કર સીસીટીવી કેદ

જામનગર : જામનગરમાં લીમડા લેન વિસ્તારમાં એક ખાનગી સ્કૂલમાં કામ ચાલી રહ્યું છે, જે સ્થળે મજૂરી કામ કરતો એક શ્રમિક કે જાણે પોતાનું ટુ-વ્હીલર લીમડાલાઈનની એક શેરીમાં રાખેલું હતું. જયાંથી એક તસ્કર ૧લી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો, અને વાહનની ઉઠાંતરી કરીને ભાગી છૂટ્યો હતો.



આ શેરીમાં જ એક મકાનમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં તે કેદ થઈ ગયો હતો, એનો વિડીયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. તસ્કર નાની વયનો હોવાનું કેમેરામાં દેખાઈ રહ્યું છે. જેણે પોતાના માથા પર ટોપી સાથેનું સ્વેટર અથવા જાકીટ પહેરેલું છે, અને પગપાળા ચાલીને આવ્યો હતો. ત્યારબાદ કોઈપણ રીતે વાહન સ્ટાર્ટ કરી તેના પર બેસીને ભાગી છૂટ્યો હતો. જે સ્પષ્ટ કેમેરામાં દેખાઈ રહ્યું છે.

વાહન માલિક શ્રમિક યુવાન દ્વારા આ મામલામાં પોલીસને જાણ કરાતાં સીટી બી. ડિવિઝન પોલીસની ટીમ દ્વારા સીસીટીવી કેમેરાના આધારે તસ્કરને શોધી કાઢવા કવાયત શરૂ કરાઈ છે.

# દ્વારકાના ગોમતીઘાટ વિસ્તારમાં ડ્રોન ઉડાવનાર સામે ગુન્હો નોંધાયો

દ્વારકા : દ્વારકા શહેરના ગોમતીઘાટ વિસ્તારમાં ગેરકાયદેસર ડ્રોન ઉડાડવા અંગે પરપ્રાંતિય શખ્સ સામે સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકામાં આવેલા ગોમતીઘાટ પાસે ઉત્તરપ્રદેશના રાહુલ ચરનસિંહ સૈની નામના પરપ્રાંતિય શખ્સે પોતાનું ડ્રોન ઉડાડી બેદરકારી અને માનવ જીવનને નુકસાન કરે તેવું કૃત્ય આચરતા દ્વારકા પોલીસે તેના વિરુદ્ધ જાહેરનામાના ભંગ સબબ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી આરંભી હતી.




# જામનગરમાં યોજાનાર રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા અન્વયે જાહેરનામું

જામનગર : ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત જાહેરાત ક્રમાંક ૨૭ / ૨૦૨૫-૨૬ રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની લેખિત પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિધાર્થીઓને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે.

જામનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર્સ અને કોપીયર મશીન પરીક્ષાના સમય દરમિયાન બંધ રહે, તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ અને અન્ય અનધિકૃત સાહિત્ય વગેરે સાથે ના લઈ જાય તે માટે પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (ઈ.ચા.) એસ.એમ.કાથડ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.


જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નિર્ધારિત કરવામાં આવેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં આવતા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ અને અંગત ઉપયોગ માટે વપરાશ કરતા કોપીયર મશીન ધારકોએ આગામી તા.૦૪ જાન્યુઆરીના રોજ સવારના ૧૦:૩૦ કલાકથી બપોરના ૧ કલાક સુધી તેઓના કોપીયર મશીન દ્વારા પરીક્ષા વિષયક પત્રો અને દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી.

આ ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનધિકૃત સાહિત્ય સાથે પ્રવેશ કરી શકશે નહી. તથા પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક હુકમમાં જણાવવામાં આવ્યું છે. આ જાહેરનામાંનો ભંગ કરનારી વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

જામનગર જિલ્લામાં પરીક્ષા માટે જાહેર કરાયેલા પરીક્ષા કેન્દ્રોની યાદી.નેશનલ હાઈસ્કૂલ, આર.આર.શાહ હાઈસ્કૂલ, નંદન માધ્યમિક શાળા, એલ.જી.હરિયા સ્કૂલ,શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઈસ્કુલ, શિશુવિહાર હિન્દી હાઈસ્કૂલ, શ્રીમતી જી.એસ. મહેતા કન્યા વિદ્યાલય, ભવંસ એ કે. દોશી વિદ્યાલય, ડી એસ. ગોજીયા વિદ્યાલય, સત્યસાંઈ વિદ્યાલય.

# જામનગરના આંગણે લેઉવા પટેલ સમાજનો ત્રિવેણી સંગમ : મહારાસ, સન્માન સમારોહ અને જ્ઞાતિ સમૂહ ભોજનનું આયોજન

**કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી,રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, કૌશિકભાઈ વેકરીયા, કમલેશભાઈ પટેલ, ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ તથા દિવ્યેશભાઈ અકબરી સહીત રાજકીય તથા સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે**



જામનગર : સમસ્ત લેઉવા પટેલ સમાજ જામનગર દ્વારા રણજીતનગર સ્થિત લેઉવા પટેલ સમાજ ખાતે જ્ઞાતિની એકતા અને ગૌરવના પ્રતીક સમાન એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક વારસો, સામાજિક સન્માન અને જ્ઞાતિ સમૂહ ભોજનનો ત્રિવેણી સંગમ રચાશે, જેમાં અંદાજે ૫૦,૦૦૦ જેટલા જ્ઞાતિ બંધુઓ એક સાથે ભોજન પ્રસાદ લેશે અને એકતાની શક્તિના દર્શન કરાવશે.

કાર્યક્રમની વિગતો આપતા લેઉવા પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા એ જણાવ્યું હતું કે, મુખ્ય પ્રસંગની પૂર્વ સંધ્યાએ એટલે કે તારીખ ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ જામનગર લેઉવા પટેલ સમાજ ખાતે ભવ્ય મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે, જે સમાજની સાંસ્કૃતિક એકતાને વધુ મજબૂત બનાવશે. ત્યારબાદ, મુખ્ય કાર્યક્રમ તારીખ ૦૪/૦૧/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન યોજાશે. આ ગરિમાપૂર્ણ અવસરે દેશ અને રાજ્યના દિગ્ગજ નેતાઓ અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે, જેમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા,નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, કૌશિકભાઈ વેકરીયા તથા કમલેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ ભવ્ય આયોજન દરમિયાન સમાજનું ગૌરવ વધારનાર નવનિયુક્ત મંત્રીશ્રીઓ અને સમાજ મા ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનો વિશેષ સન્માન સમારોહ યોજાશે. સમાજની ઉન્નતિમાં પાયાનું યોગદાન આપનાર વ્યક્તિઓનું મહાનુભાવોના હસ્તે બહુમાન કરવામાં આવશે. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત તમામ ૫૦,૦૦૦ જેટલા જ્ઞાતિજનો માટે સમૂહ જ્ઞાતિ ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લેઉવા પટેલ સમાજ જામનગરના કાર્યકર્તાઓ અને સ્વયંસેવકો રાત-દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે.

જયારે સમસ્ત સમૂહ જ્ઞાતિ ભોજનમાં લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા અને મંત્રી અશોકભાઈ પટેલ દ્વારા મોટી સંખ્યામાં જ્ઞાતિજનોને તમામ કાર્યક્રમમાં સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગરમાં ભાજપ સંગઠન દ્વારા પ્રદેશ મંત્રી આશાબેન નકુમનું કરાયું સન્માન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરના આશાબેન નકુમને ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન માળખામાં મંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ ભાજપમાં જામનગરને પ્રતિનિધિત્વ મળતા જામનગર શહેર ભાજપ દ્વારા તેમનો અભિવાદન સમારોહ યોજયો હતો. જેમાં શહેર ભાજપ અધ્યક્ષા બિનાબેન કોઠારી, કોર્પોરેટર અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન સુભાષભાઈ જોષી, મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા આશિષભાઈ જોષી, ભાજપના કોર્પોરેટરો વિગેરેએ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## સ્વામી વિવેકાનંદ સોસાયટીના ડીફોલ્ટર સભાસદને ૬ માસની સજા દંડ

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ અને ધ્રોલ તાલુકાના ખારવા ગામના રહેવાસી જયદીપગર પ્રભાતગર ગોસાઈએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ. તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા હતો.

આ કેસ આગળ ચાલતા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ, ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીને ૬ માસની જેલની સજા તેમજ રકમ રૂ ૪૧,૨૭૬ નો દંડ તેમજ આરોપી ગેરહાજર હોવાથી વોરંટ ઈસ્યુ કરવા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ મિતેષભાઈ એલ.પટેલ, મણીલાલ જી.કાલસરીયા, ગૌરાંગભાઈ જી. મુંજપરા, હરજીવનભાઈ એમ.ધામેલીયા,જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

## થર્ટી ફર્સ્ટના દિવસે ટાઉનહોલ પાસે સાર્વજનિક રામધૂન કરી ન્યુયરનું સ્વાગત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં થર્ટી ફર્સ્ટ 'નાઈટ'ના ડાન્સ એન્ડ ડાઈનના ગીત-સંગીતના જલસાઓના આયોજન સાથે જામનગર શહેરની મધ્યમાં ટાઉનહોલ પાસેના ચોકમાં શ્રી જ્યોત ગણેશ મિત્ર મંડળ અને શ્રીધન પેલેસ મિત્ર મંડળના ઉપક્રમે સુપ્રસિદ્ધ સીતારામ ધૂન મંડળના હરિભક્તોના સથવારે સાર્વજનિક રામધૂનનો કાર્યક્રમ રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી યોજાયો હતો અને રામનામના ભજન-કીર્તન-ધૂન સાથે વર્ષ ૨૦૨૬ નું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં અને ઉપસ્થિત બહેનોએ ભજન-કીર્તન સાથે રાસગરબાની રમઝટ બોલાવી હતી. સીતારામ ધૂન મંડળના ભરતભાઈ પાઠક, હિતેષભાઈ બારોટ, કૌશિકભાઈ રામાવત તથા સાથી કલાકારોએ રામધૂન સાથે ભજનો રજૂ કર્યા હતાં.

## જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં યુરોલોજી વિભાગ દ્વારા 'CME' કાર્યક્રમ યોજાયો



જામનગર : જામનગરની શ્રી એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ ખાતે યુરોલોજી વિભાગ દ્વારા જનરલ સર્જરી રેસિડન્ટ ડોક્ટરો તથા તબીબો માટે વિશેષ શૈક્ષણિક કાર્યક્રમ (CME) નું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન યુરોલોજી વિભાગના પ્રોફેસર ડૉ.ધીરેન બુચ તથા મદદનીશ પ્રાધ્યાપક ડૉ.કુશલ કપાસી દ્વારા કરવામાં આવ્યું હતું. સતત મેડિકલ એજ્યુકેશનના ભાગરૂપે આયોજિત આ સેમિનારમાં જનરલ સર્જરીના રેસિડન્ટ ડોક્ટરો, વરિષ્ઠ તબીબો તેમજ જામનગર સર્જન્સ એસોસિએશનના સભ્યોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ CME દરમિયાન તબીબી ક્ષેત્રના મહત્વના વિષયો જેવા કે 'UROLITHIASIS' અને 'OBSTRUCTIVE ANURIA' પર ઊંડાણપૂર્વકની ચર્ચા કરવામાં આવી હતી. આ વિષયો પર ડૉ. મીત બાબરિયા, ડૉ. સતીશ તથા ડૉ. પ્રિયા સિંહ દ્વારા ઉપસ્થિત તબીબોને વિસ્તૃત સમજણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સર્જરી વિભાગના વડા તેમજ અન્ય તજજ્ઞોએ ઉપસ્થિત રહીને યુવા તબીબોના જ્ઞાનવર્ધન માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રકારના આયોજનથી રેસિડન્ટ ડોક્ટરોને આધુનિક સારવાર પદ્ધતિઓ સમજવામાં અને દર્દીઓની વધુ સારી સેવા કરવામાં મદદ મળશે તેમ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## દ્વારકા જિલ્લાના તમામ મતદાન મથકો પર આજે અને આવતીકાલે ખાસ ઝુંબેશ

દ્વારકા : ભારતના ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત તા.૧૧/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થયેલા સુધારા કાર્યક્રમ અનુસાર મતદારો આગામી તા.૧૮/૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પોતાના હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકશે. આ સમયગાળામાં નવા નામ ઉમેરવા માટે ફોર્મ નં. ૬, નામ કમી કરાવવા માટે ફોર્મ નં. ૭ અને મતદારયાદીની વિગતોમાં સુધારો કરવા માટે ફોર્મ નં. ૮ ભરી શકાશે. આ ઉપરાંત, "No Mapping"" કે Logical Discrepancies (તાર્કિક વિસંગતતા) ધરાવતા મતદારો પણ આ સમય દરમિયાન પોતાના આધાર પુરાવા રજૂ કરી શકશે.

આ કાર્યક્રમને વધુ વેગવંતો બનાવવા માટે આજે અને કાલે તા. ૪/૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ બંને દિવસો દરમિયાન સવારે ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી તમામ બુથ લેવલ ઓફિસર (BLO) પોતાના નિર્ધારિત મતદાન મથક પર હાજર રહેશે. નાગરિકો રૂબરૂ જઈને ફોર્મ નં. ૬, ૭ અને ૮ ભરી શકશે તેમજ નો મેપિંગ અને વિસંગતતા ધરાવતા મતદારો પોતાના આધાર પુરાવા રજૂ કરી શકશે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદારોને આ વિશેષ ઝુંબેશનો લાભ લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

મતદારોની સુવિધા માટે ચૂંટણી આયોગ દ્વારા ઓનલાઈન પોર્ટલ પણ કાર્યરત કરવામાં આવ્યા છે.

મુસદ્દા મતદારયાદીમાં પોતાનું નામ શોધવા માટે નાગરિકો https://electroalsearch.eci.gov.in વેબસાઈટનો ઉપયોગ કરી શકે છે. તે જ રીતે, ASD યાદીમાં નામની ચકાસણી માટે https://chunavsetu-search.gujarat.gov.in/ADS/SearchADSEPIC.aspx સાઈટ ઉપલબ્ધ છે.

મતદારયાદીને લગતા કોઈપણ પ્રશ્નો અથવા વધુ જાણકારી માટે મતદારો પોતાના વિસ્તારના BLO નો સંપર્ક કરી શકે છે, જેના માટે https://voters.eci.gov.in પર Book a Call with BLO સુવિધા પૂરી પાડવામાં આવી છે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયુ છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને સુકા મેવા મનોરથ યોજાયો



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ ઠાકોરજીના ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી ગઈકાલે સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. શુક્રવારના શ્વેત રંગના વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

## જામનગરમાં સનાતનીઓ દ્વારા 'ન્યુયર કીર્તન નાઈટ' નામક ધાર્મિક કાર્યક્રમ સાથે ઉજવણી



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર શહેરમાં ગઈકાલે અંજુ ગિરી તથા હિરેન પરમાર નામના સનાતનીઓ દ્વારા શહેરમાં વસવાટ કરતા સનાતનીઓ માટે એક વિશેષ પ્રકારેના કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગરના ભાનું પાર્ટી પ્લોટમાં યોજાયેલા આ ધાર્મિકતા સભર કાર્યક્રમમાં ૭૦૦ થી વધુ સનાતનીઓ ઉપસ્થિત રહ્યા હતા, અને તમામને વિનામૂલ્ય પ્રવેશ અપાયો હતો.

જયાં ભગવાન શ્રીરામના ભજનો ગવાયા હતા, જ્યારે બાલ હનુમાન મંદિર સાથે જોડાયેલી રામધુન ભજન ની ટીમ દ્વારા સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસા સહિતનું પઠન કરવામાં આવ્યું હતું, અને સ્થળ પર મયુર ગોસાઈ નામના વ્યક્તિ દ્વારા વિશાળ કદના હનુમાનજીની પહેરવેશ સાથેની કૃતિ તૈયાર કરવામાં આવી હતી, અને હનુમાન ચાલીસા માં ઝુમ્યા હતા, જેઓની સાથે સમગ્ર સનાતનીઓ જોડાયા હતા, અને એકી સાથે હનુમાન ચાલીસા નું પઠન કર્યું હતું.

આ ધાર્મિકતા સભર કાર્યક્રમમાં જામનગરના ઈસ્કોન ની ટીમ પણ જોડાઈ હતી, અને કૃષ્ણ ભજનો વગેરે ગવાયા હતા. જેમાં પણ સર્વેએ ખૂબ જ સાથ આપ્યો હતો, અને સંપૂર્ણપણે ધાર્મિકતા સભર વાતાવરણમાં નવા વર્ષને વેલકમ કરવામાં આવ્યું હતું.

## ૭૮-જામનગર વિધાનસભા વિસ્તારમાં એક દિવસ માટે વૈકલ્પિક મતદાન મથકોની વ્યવસ્થા કરાઈ

જામનગર : ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની સુચના અનુસાર તા.૧/૧/૨૦૨૬ને લાયકાતની તારીખ તરીકે આધારે ફોટાવાળી મતદારયાદીની ખાસ સઘન સુધારણા (Special Intensive Revision) કાર્યક્રમ તા.૨૮/૧૦/૨૦૨૫ થી ચાલુ છે. મતદારયાદીમાં સ્થળાંતર થયેલ, એકથી વધુ જગ્યાએ નોંધાયેલા મતદારો, તેમજ મૃત વ્યક્તિઓના નામ દૂર કરવા આ અભિયાન અમલમાં છે.અધિક મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્યના તા.૦૮/૧૧/૨૦૨૫ના પત્ર અનુસાર પછાત તથા વિસ્થાપિત વિસ્તારોના મતદારો મતદારયાદી સુધારણા કાર્યક્રમથી વંચિત ન રહે તે હેતુથી વિશેષ પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ અનુસંધાને, તા.૦૪/૦૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ ૭૮—જામનગર (ઉતર) વિધાનસભા મતદાર વિભાગના કેટલાક મતદાન મથકો ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓના કેન્દ્રો આવેલ હોવાથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તે એક દિવસ માટે નીચે મુજબ વૈકલ્પિક મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે.

શિશુવિહાર હિન્દી હાઈસ્કૂલનું વૈકલ્પિક મતદાન મથક પ્રવીણ નર્ભેરામ મહેતા સરકારી પ્રાથમિક શાળા, પોલીસ હેડક્વાર્ટર નજીક, જામનગર રહેશે. જી.એસ. મહેતા કન્યા વિદ્યાલય અને ભવન્સ શ્રી એ.કે. દોશી વિદ્યાલયનું વૈકલ્પિક મતદાન મથક શ્રી ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, જામનગર રહેશે. શ્રી ડી.એસ.ગોજીયા વિદ્યાલયનું વૈકલ્પિક મતદાન મથક શ્રી ડી.એસ. ગોજિયા હોસ્ટેલ બિલ્ડિંગ, જામનગર રહેશે. શ્રી સત્યસાઈ વિદ્યાલયનું વૈકલ્પિક મતદાન મથક મામલતદાર કચેરી (સિટી), સેવા સદન, સરુ સેકશન રોડ, જામનગર રહેશે. એક દિવસ દરમિયાન મતદારોએ પોતાના સંબંધિત વૈકલ્પિક મતદાન મથકનો ઉપયોગ કરવા અને ચૂંટણી પ્રક્રિયામાં સહયોગ ૭૮—જામનગર (ઉતર) વિધાનસભા મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગરમાં લેઉઆ પટેલના જ્ઞાતિ ભોજન માટે ચાલતી તૈયારીને આપતો આખરી ઓપ



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગરમાં લેઉવા પટેલ સેવા સમાજ ખાતે કાલે સાંજે ૪ વાગ્યે જ્ઞાતિ સમુહ ભોજનના કાર્યક્રમની તડામાર તૈયારીઓ છેલ્લા ઘણાં દિવસોથી ચાલી રહી છે. આજે સવારથી આ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

જામનગરના રણજીતનગર ખાતે આવેલા લેઉવા પટેલ સેવા સમાજ ખાતે આવતીકાલે રવિવારે સાંજે ચાર વાગ્યે જ્ઞાતિ સમુહભોજનનું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. અંદાજે સવા અગિયાર વિઘા જમીન પર ઓછામાં ઓછા ૫૦,૦૦૦ હજાર જ્ઞાતિજનો સમુહ ભોજનનો આનંદ માણશે. આ માટે ભવ્ય અને વિશાળ મંડપની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેવાના હોય, છેલ્લા ૩૬ કલાકથી ભોજન સામગ્રીઓના નિર્માણ માટે રસોડા વિભાગમાં અંદાજે ૧૧૦થી વધુ રસોયા ની ટીમ અને સ્વયંસેવકો ભોજન માટેની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.



જેમાં લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા અને સમાજના હોદ્દેદારો તેમજ કારોબારી સમિતિના સભ્યો અને કાર્યકર્તા સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યા છે.

## અવસાન નોંધ

**જામનગર :** ચંદ્રકાંત દીપચંદ મહેતા (ઉ.વ.૮૭) તે અનસુયાબેન (અસ્મિતાબેન)ના પતિ તથા ડો. સીમાબેન સુકેતુભાઈ શાહ (ગાંધીનગર) અનો મીરાબેન પારસભાઈ ઝવેરી (વડોદરા)ના પિતાનું તા. ૧ને ગુરુવારના રોજ અવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થના આજે તા. ૩ને શનિવારે સાંજે ૪ થી ૫ કલાકે તંબોલી વાડી, નાગનાથ ગેટ, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

## હેપ્પી બર્થ-ડે

### જામનગર લેઉવા પટેલ સમાજનાં પ્રમુખ અને જય કેબલનાં મનસુખભાઈ રાબડીયાનો જન્મદિવસ



વિદ્યાર્થીકાળથી જ વિદ્યાર્થીઓનાં પ્રશ્નો અંગે જાગૃત રહી અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદનાં પ્રદેશ સહમંત્રી તરીકે જવાબદારી સંભાળેલ હતી. અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદ દ્વારા ૧૯૯૦ માં કરવામાં આવેલ કાશ્મીર બચાવો કાર્યક્રમમાં ગુજરાતનું નેતૃત્વ કર્યુ હતું. આ સાથે રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, અને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચામાં બે ટર્મ જિલ્લા મહામંત્રી તથા બે ટર્મ જિલ્લા પ્રમુખ તરીકે, રોટરેકટ કલબ જામનગરનાં ફાઉન્ડર પ્રેસિડેન્ટ તથા રોટરી ઈન્ટરનેશનલ કલબ માં પણ ઘણા વર્ષો સુધી સક્રિય પણે કાર્ય કર્યુ હતું. જામનગર શહેર જિલ્લામાં દૂરદર્શન કેન્દ્ર ન હોવાથી કેબલ નેટવર્ક દ્વારા કેબલ ટીવી નો ૧૯૮૭ માં સૌ પ્રથમ પાયા નાખ્યો હતો અને કેબલ ટીવી મારફત ઈલેટ્રોનિકસ મીડીયામાં સ્થાનીક સમાચાર ૧૯૯૮ થી સરૂ કરી ગુજરાતમાં ઈલેટ્રોનિકસ મીડીયાનાં પત્રકાર તરીકે સૌ-પ્રથમ માન્યતા મેળવવાનું બહુમાન પણ મેળવ્યું હતું. બદલાતી જતી ટેક્નોલોજીનાં જમાનામાં તાલથી તાલ મેળવી સમયની માંગ મુજબ વ્યવસાયનો વિકાસ કરતા આજે જયારે કેબલ નેટવર્કમાં મલ્ટીનેશનલ કંપનીઓ વ્યવસાય કરી રહી છે ત્યારે જય કેબલનાં સ્વતંત્ર આધુનિક કંટ્રોલરૂમ દ્વારા જિલ્લાનાં મહત્તમ સ્થાનો પર ચેનલોનું પ્રસારન લોકો સુધી પહોંચાડી રહ્યા છે. ૨૦૧૮ થી જામનગર શહેર જિલ્લામાં અંદાજીત અઢી લાખથી વધુ વસ્તી ધરાવતા લેઉવા પટેલ જ્ઞાતિનાં સૌથી નાની વયે પ્રમુખ તરીકે તથફ જામનગર જિલ્લા ખોડલધામ સમાધાન પંચનાં અધ્યક્ષ અને સેવાકીય પ્રવૃતિઓમાં હંમેશા મોખરે રહેતી શ્રી આણદાબાદ સેવા સંસ્થા સંચાલીત શ્રી આણંદાબાવા અનાથાલય તેમજ શ્રી આણદાબાવા મહિલા વૃધ્ધાશ્રમ તથા શ્રી રામ મુકબધિર વિધાવિહાર ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. મો. ૯૮૨૪૨ ૬૪૪૪૪.

# ખંભાળિયાના દાંતા ગામની ગોળાઈ પાસે કારની ઠોકરે મોટરસાયકલ સવાર બે વ્યક્તિના મોતથી અરેરાટી

## એકને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયો : પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો

ખંભાળિયા : ખંભાળિયાના દાંતા ગામની ગોળાઈ પાસેથી મોટરસાયકલમાં બેસી જઈ રહેલા ત્રણ વ્યક્તિને ત્યાંથી પૂરઝડપે નીકળેલા કાર ચાલકે પાછળથી ઠોકર મારી હડફેટે લેતા બે વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યા હતાં જ્યારે અન્ય એકને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ વિભાગ સ્થળપર દોડી ગયો હતો અને કારચાલક સામે ગુન્હો દાખલ કરી તેની શોધખોળ આરંભી છે. આ બનાવને લઈને મૃતકોના સ્વજનોમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ખંભાળિયા તાલુકાના નવાપરા, ચુનારાવાસ ખાતે રહેતા સુરેશભાઈ તથા સચિનભાઈ અને નિલેશભાઈ નામના વ્યક્તિઓ જી. જે. ૧૦ સી. જે. ૦૯૫૦ નંબરના મોટરસાયકલમાં બેસી ખંભાળિયા-જામનગર હાઈવે પર આવેલ દાંતા ગામ પાસેની ગોળાઈ પાસેથી જતા હોય દરમિયાન ત્યાંથી પુરપાટ ગતિએ દોડતા એક અજાણ્યા કાર ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મોટરસાયકલને પાછળથી જોરદાર ઠોકર મારતા ત્રણેય લોકો રોડ પર નીચે પટકાયા હતા આથી સુરેશભાઈ અને નિલેશભાઈ ના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બન્નેના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નીપજતાં પરિવાર ઉપર આભ તુટી પડ્યું છે.

જ્યારે સચિનભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાકીદે સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે સુરેશભાઈ ભાણજીભાઈ પરમાર દ્વારા ખંભાળિયા પોલીસમાં કારચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવતા પી.એસ.આઈ વી.આર.વસાવા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાર ચાલકને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવની જાણ થતાં મૃતકના સગા- સંબંધીઓ પણ ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા.

# નાતાલના વેકેશન દરમ્યાન ૧૦ લાખથી વધુ ભાવિકોએ દ્વારકાધીશના દર્શન કર્યા





દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં નાતાલના વેકેશન દરમ્યાનના તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૫ થી તા.૧ લી જાન્યુઆરી ૨૦૨૬ સુધીના બાર દિવસમાં જગતમંદિરમાં અંદાજિત દસ લાખથી વધુ દર્શનાર્થીઓએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. નાતાલના મીની વેકેશનમાં દ્વારકાધીશ મંદિર ઉપરાંત દર્શન સર્કિટના નાગેશ્વર જ્યોતિર્લિંગ, બેટ દ્વારકાધીશ મંદિર, ગોપી તળાવ, રૂકિમણી મંદિર, હર્ષદ (ગાંધવી) મંદિર જેવા તીર્થસ્થળો અને શિવરાજપુર બીચ, મોમાઈ બીચ, ભડકેશ્વર ચોપાટી, ગોરીજા બીચ, હરસિદ્ધિ વન જેવા પર્યટન સ્થળોની પણ હજારો ભાવિકોએ મુલાકાત લીધી હતી.

# જોડીયામાં ચોરીના ગુનામાં ફરાર આરોપી ૧૭ વર્ષે પોલીસને હાથ લાગ્યો



જામનગર : જામનગર જીલ્લા તથા અન્ય જીલ્લાના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા એલ.સી.બી. પો.ઈન્સ. વી.એમ.લગારીયાએ તેઓની ટીમને સુચના આપેલ હોય જેથી એલ.સી.બી. પો.સ.ઈ. સી.એમ.કાટેલીયા તથા પો.સ.ઈ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર તથા તાલુકા વિસ્તામાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન એલ.સી.બીના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી. જે હકિકતના આધારે જોડીયા તાલુકાના બાલાચડી ગામના પાટીયા પાસે રોડ ઉપર ઉભેલા જોડીયા પોલીસ સ્ટેશનના ૨૦૦૮ ની સાલના ચોરીના ગુન્હાના ફરારી આરોપી મધ્યપ્રદેશના વતની રીછુભાઈ ઉર્ફે રીચુભાઈ નથુભાઈ માવડા જાતે ભીલ આદીવાસી (ઉ.વ.૪૯) ને ઝડપી લઈ આગળની તપાસ થવા જોડીયા પોલીસ સ્ટેશન ને સોપી આપેલ છે.

# નવા વર્ષની શરૂઆત થતા જામનગરમાં ઠંડીનો પારો ગગડયો, તાપમાન ૧૨ ડિગ્રી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં નવા વર્ષની શરૂઆતની સાથે સાથે ઠંડીનો ચમકારો પણ વધ્યો છે. અને લોકો હવે ઠંડીની અહેસાસ કરવા લાગ્યા છે. ગઈકાલે ઠંડીનો પારો નીચે ઉતરીને ૧૩ ડીગ્રીએ સ્થિર થયો હતો, જેમાં આજે વધારો થયો છે, અને વધુ એક ડિગ્રી નીચે ઉતરીને ઠંડીનો પારો ૧૨ ડિગ્રી નોંધાયો છે, સાથોસાથ ભેજનું પ્રમાણ પણ વધી ગયું હોવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, અને લોકો ગરમ વસ્ત્રોથી લપેટાયેલા જોવા મળી રહ્યા છે.

આજથી ૧૫ દિવસ પહેલા ઠંડીનો પારો નીચે ઉતરીને ૧૨ ડિગ્રી સુધી પહોંચ્યો હતો, અને મોસમનો સૌથી વધુ ઠંડો દિવસ રહ્યો હતો. આજે પણ તેટલું જ ટેમ્પરેચર નોંધાયું છે, અને હજુ પણ ઠંડી વધે તેવી શક્યતાઓ દર્શાવાઇ રહી છે.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે આઠ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૬ ડીગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૨૦ થી ૨૫ કિ.મી ની ઝડપે રહી હતી.

# સિક્કામાં નગરપાલિકા પાસે પાર્ક કરેલ લકઝરી બસમાંથી ૧૫૦ લીટર ડીઝલની ચોરી

## મહિલા કોલેજ વિસ્તારમાંથી મોટરસાયકલની ઉઠાંતરી કરી જતા તસ્કરો

જામનગર : જામનગર નજીક સિક્કામાં નગરપાલિકાના બિલ્ડીંગ પાસે પાર્ક કરેલ એક લકઝરી બસમાંથી ડીઝલ ચોરી થઈ ગયાની તેમજ જામનગરમાં મહિલા કોલેજ વિસ્તારમાંથી બાઈક ચોરી થઈ ગયાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સિક્કામાં રહેતા અસગરભાઈ કરીમભાઈ સુમરા નામના યુવાને નગરપાલિકા પાસે પાર્ક કરેલી પોતાની જી.જે. ૧૦ ટી.વી. ૯૭૪૩ નંબરની લક્ઝરી બસમાંથી કોઈ તસ્કરો રૂપિયા ૧૪,૦૦૦ ની કિંમત ના ૧૫૦ લીટર ડીઝલ ની ચોરી કરી લઈ ગયા હતા. જે મામલે સિક્કા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જ્યારે જામનગરમાં રામેશ્વરનગર વિસ્તારમાં રહેતા ભરતભાઈ બાબુભાઈ રાઠોડ નામના બુઝુર્ગે મહિલા કોલેજ વિસ્તારમાં પાર્ક કરેલું પોતાનું મોટરસાયકલ કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયાની સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનાર વિક્રેતા પકડાયો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં પ્રતિબંધીત ચાઇનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુક્કલ શોધી કાઢવા માટેની ઝુંબેશ ચલાવાઇ રહી હતી, જે દરમિયાન સાધના કોલોની વિસ્તારમાંથી એક વિક્રેતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરતાં પકડાયો છે.

જામનગરના સીટી એ. ડીવી પોલિસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં સ્થાનિક પોલીસ ટુકડી પ્રતિબંધીત ચાઇનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુક્કલ અંગે પેટ્રોલીગમાં હતી, તે દરમ્યાન સર્વેલન્સ સ્કવોર્ડ ની ટીમે સાધના કોલોની ગેઈટ નંબર ૩ મા આવેલ મહાદેવના મંદીરની બાજુમાં એક ઈસમ દુકાનમાં પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુકકલ રાખી તેનુ વેચાણ કરે છે. જે હકીકતના આધારે કેવલ ઈશ્વરભાઈ ગંઢા નામના વેપારીની દુકાનમાં તપાસણી કરતાં તેની દુકાનમાથી ચાઈનીઝ પ્લાસ્ટકીના દોરા માંઝાની ૭૦ નંગ ચરખી મળી આવતા રૂ.૩૫,૦૦૦ ની કિંમતની ૭૦ નંગ પ્રતિબંધ ચાઈનીઝ દોરા સાથેની ચરખીનો મુદામાલ કબજે કરી લઈ વેપારીની અટકાયત કરી છે, અને તેની સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં જાહેરનામાંના ભંગ બદલ ગુનો નોધ્યો છે.

# જામનગરમાં ઝડપાયેલ પાંચ બાંગ્લાદેશીઓ પાસેથી નેશનલ ઓળખ કાર્ડ મળી આવ્યા

## પશ્ચિમ બંગાળથી આવી જામનગરમાં પ્લાસ્ટિક-કચરો વીણીને ગુજરાન ચલાવતા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં પટેલ કોલોની વિસ્તારમાંથી ત્રણ મહિલા સહિતના પાંચ બંગલાદેશી નાગરિકો મળી આવતાં પોલીસ તંત્રમાં દોડધામ થઈ છે, અને પાંચેયને પૂછપરછ માટે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં હંગામી સેલ્ટર હોમ બનાવીને રાખવામાં આવ્યા છે, જેઓ પાસેથી બાંગ્લાદેશના નેશનલ ઓળખકાર્ડ પણ મળી આવ્યા છે.

ભારત દેશમા ગેરકાયદેસર ઘુસણખોરી કરી ગેરકાયદેસર વસવાટ કરી દેશ વિરૂધ્ધી પ્રવૃતિ કરતા ઈસમોને શોધી કાઢવા માટે એસઓજી પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી,. જે દરમિયાન પોલીસ ઈન્સ્પેકટર બી.એન. ચૌધરી અને તેઓના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધરી જામનગરમાં પટેલ કોલોની શેરી નંબર-૧૧, સ્વસ્તીક મારબલની સામે આવેલ ગુલામ મયુદિન અબ્દુલકરીમખાન ગાગદાણીના મકાનમાં બાંગ્લાદેશી નાગરીક ગેરકાયદેસર રીતે વસવાટ કરે છે. જેથી તે જગ્યાએ રેઈડ કરતાં ત્યાથી બે પુરૂષ તથા ત્રણ મહિલા એમ કુલ-૫ બાંગ્લાદેશી નાગરીકો પાસપોર્ટ, વિઝા કે ભારત સરકારની પુર્વ મંજુરી વગર ભારત દેશમાં કોઈ કારણસર ગેરકાયદેસર પ્રવેશ કરી મળી આવ્યા હતા, જેથી તમામને ડીટેઈન કરી આગળની તપાસ માટે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં તેઓને રહેવા માટેની સગવડતા કરીને ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

તેઓ પોતે મૂળ બાંગ્લાદેશના વતની હોવાનું જણાવ્યું હતું અને પાંચેય પાસેથી બાંગ્લાદેશના નેશનલ ઓળખ પત્ર મળી આવ્યા હોવાથી પોલીસે તે કબજે કરી લીધા છે. પાંચેય પૈકી બે પતિ પત્ની સહિતના દંપતિ અને એક તેની પરિચિત મહિલા હોવાનું જાણવા મળ્યું છે. એક દંપતિ છ માસ પહેલા આવ્યું હતું, જ્યારે એક દંપતિ ત્રણ મહિના પહેલાં આવ્યું હતું, જ્યારે એક મહિલા તાજેતરમાં જ આવી છે, અને તમામ લોકો પ્લાસ્ટિક, કચરો વગેરે વીણીને અથવા તો પસ્તી વગેરેનો વ્યવસાય કરીને ગુજરાન ચલાવે છે. એક યુવાન લાકડાની બનાવટના કામની મજૂરી કરે છે. જે પોતાને ત્યાં ભૂખમરો હોવાથી પૈસા કમાવાની લાલચે જામનગર આવ્યા હોવાનું અને મકાન ભાડે રાખીને રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

જોકે પ્રાથમિક દ્રષ્ટિએ દેશદ્રોહી પ્રવૃત્તિ જેવી કોઈ વિગતો મળી ન હતી, પરંતુ તેઓ અહીં ક્યારે આવ્યા, કેવી રીતે આવ્યા, કોણે મદદ કરી છે, વગેરે તમામ દિશામાં પોલીસ દ્વારા પૂછપરછ કરીને ચકાસણી કરવામાં આવી રહી છે. જેનું સંપૂર્ણપણે ઈન્સ્ટ્રોગેશન પૂર્ણ થઈ ગયા બાદ ગુજરાતમાં કચ્છ ભુજ અને અમદાવાદમાં બે સ્થળે અન્ય દેશમાંથી આવેલા નાગરિકોને રાખવા માટેના સેલટર હોમ બનાવવામાં આવ્યા છે, જે સ્થળે મૂકવાની પણ કાર્યવાહી કરવામાં આવશે. ત્યાં સુધીમાં હાલ પોલીસ દ્વારા તમામની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી છે.

# જામનગર નજીક વિભાપરમાં યુવાન અકસ્માતે ૨૦૦ ફૂટ ઉંડા પાણી ભરેલા કુવામાં ખાબકતા દોડધામ

## અઢી કલાક બૂમાબૂમ કર્યા બાદ ફાયર અને ૧૦૮ની ટીમે સલામત યુવાનને બહાર કાઢી લીધો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક વિભાપર ગામમાં વાડી વિસ્તારમાં ગઈકાલે બપોરના અરસામાં ઋષિભાઈ નામનો ૨૪ વર્ષનો યુવાન અકસ્માતે ૨૦૦ ફૂટ ઊંડા પાણી ભરેલા કૂવામાં ખાબક્યો હતો. જ્યાં પાણી ભરેલું હોવાથી અને તેની અંદર એક પાઇપલાઇન હોવાથી પોતે પાઇપને પકડીને ઉપર તરતો રહ્યો હતો, અને તેણે બચાવવા માટેની અનેક બૂમો પાડી હતી.

ઉપરોક્ત વાડી એક અલગ સ્થળે આવેલી હોવાથી કોઈનું ધ્યાન પડ્યું ન હતું, પરંતુ સાંજના અરસામાં બાજુની વાડીમાં જ ખેતીવાડી સંભાળતા દિપકભાઈ દોમડીયાને તેનો અવાજ સંભળાતાં ત્યાં જઈને નિરીક્ષણ કર્યું હતું, દરમિયાન કૂવામાં પડેલી વ્યક્તિએ પોતાનું નામ ઋષિ હોવાનું જણાવ્યું હતું, અને અકસ્માતે કુવામાં પડી ગયો છે, અને બહાર કાઢવા વિનંતી કરી હતી.

જેથી દીપકભાઈ દોમડીયાએ તુરતજ આસપાસના લોકોને બોલાવી લીધા હતા, જ્યારે ફાયર બ્રિગેડ ની ટીમ તથા ૧૦૮ ની ટીમને પણ જાણ કરી દીધી હતી. સર્વેએ એકત્ર થઈને કૂવાની અંદર દોરડા વગેરે નાખી યુવાનને સહી સલામત રીતે બહાર કાઢી લીધો હતો.

૧૦૮ ની ટીમે પણ તેની ચકાસણી કર્યા બાદ પોતે સ્વસ્થ હોવાથી પરિવાર સાથે તેને ઘરે જવા દીધો હતો, અને સર્વેએ હાશકારો અનુભવ્યો હતો.

# દ્વારકાના ગોમતીઘાટ પાસે પાણીમાં ડુબી જવાથી માનસિક બીમાર યુવાનનું મોત

દ્વારકા : દ્વારકાના ગોમતીઘાટ વિસ્તારમાં દરિયાઈ પાણીમાં સ્નાન કરતી વેળાએ ડૂબી જવાથી માનસિક બીમાર એક યુવાનનું મોત નિપજ્યું હતું આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકાના ગોમતીઘાટ વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી રામકરણ જગનાથ મેઘવાલ નામનો ૩૮ વર્ષનો પરપ્રાંતીય યુવાન રહેતો હોય અને તેની માનસિક સ્થિતિ સારી ન હોઈ દરમિયાન ગઈકાલે તે રાત્રિના સ્નાન કરવા દરિયાઈ પાણીમાં પડ્યો હોય અને વધુ પડતા ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેનું મોત નિપજ્યું હતું. આ બનાવની દ્વારકા પોલીસને રાયાભા વિશાભા સુમણીયાએ જાણ કરતા હે. કો. બી. જી. માણેક એ ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

# જામનગરમાં એકટીવા ચાલક મહિલાને કાર ચાલકે ઠોકરે ચડાવતા ઘાયલ

જામનગર : જામનગરમાં પાર્ક કોલોનીમાં રહેતા એક મહિલા એક્ટિવા પર જતાં હતાં ત્યારે કાર ચાલકે તેમને ઠોકરે ચડાવતા ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડાયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં પાર્ક કોલોની વિસ્તારમાં રહેતા દર્શનાબેન રવિન્દ્રભાઈ શારડા ગઈકાલે પોતાનું એકટીવા સ્કૂટર લઈને પાર્ક કોલોની રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન ફૂટપાટ ઝડપે આવી રહેલી જી.જે. ૩૭ જે ૧૯૬૦ નંબરની બ્લુ કલરની સ્વીફ્ટ કારના ચાલકે તેઓને હડફેટમાં લેતા ઈજાગ્રસ્ત બન્યા હતા. જેથી દર્શનાબેનને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ અકસ્માતના બનાવ અંગે દર્શનાબેનના પુત્ર સંકેત રવિન્દ્રભાઈ શારડા એ કારચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ઈલેક્ટ્રીકની દુકાનમાં આગ ભભૂકતા માલ-સામાન બળીને ખાખ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં અંબર સિનેમા રોડ પર ડાયમંડ માર્કેટમાં આવેલી જયેશભાઈ દવેની માલિકીની ઈલેક્ટ્રીકના માલ સામાનની દુકાનમાં ગઈકાલે અકસ્માત શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. આ બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયર શાખા ની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીના એક ટેન્કર વડે આગને કાબુમાં લીધી હતી. ઈલેક્ટ્રીક વાયરીગનું શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને કેટલોક ઈલેક્ટ્રીકનો માલ સામાન બળી ગયો હતો, જેના કારણે વેપારીને નુકસાન થયું છે.

# કનસુમરા ગામે જુગાર રમતા એક શખ્સ ઝડપાયો, ચાર નાશી ગયા

જામનગર : જામનગર નજીક કનસુમરા ગામ પાસે આવેલા ચેક ડેમની પાળીની બાજુમાં ગઈકાલે સાંજે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા, જે દરમિયાન પંચકોશી બી. ડિવિઝન ના પોલીસ સ્ટાફે દરોડો પાડયો હતો, જેથી ત્યાં નાશભાગ મચી ગઈ હતી.

પોલીસે બનાવના સ્થળેથી ગંજીપાના વડે જુગાર રમી રહેલા આસિફ કાસમભાઈ ખીરા નામના એક શખ્સની અટકાયત કરી લઈ તેની પાસેથી રોકડ રકમ અને બાઈક સહિત રૂપિયા ૪૧,૩૦૦ ની માલમતા કબજે કરી લીધી છે.

આ દરોડા સમયે લાખાબાવળમાં રહેતો ઈમરાન ખીરા, તેમજ કનસુમરા ગામના સમીર ખીરા, લક્ષ્મણ બાંભવા અને ફૈઝલ ખીરા ભાગી છૂટ્યા હોવાથી ચારેયને ફરારી જાહેર કરાયા છે, અને તેઓની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.